ડાયરેક્ટ ❤ સે

નિર્દોષ કોઈ નથી હોતું
આ દુનિયામાં
બસ,
કેટલાંક એવાં હોય છે
જેમના ગુના
પકડાતા નથી

જન્મદિને વધામણી

વિપુલ જોષી
પત્રકાર,
ગુજરાત સમાચાર, ગાંધીનગર
મો. ૯૪૨૭૦ ૫૩૬૭૩

મહેન્દ્રભાઈ કે ચૌહાણ
કન્વીનર
વિશ્વ જાગૃતિ સમાજ
મંત્રી
ગુજ. દં.વિ. કેળવણી ટ્રસ્ટ
મો. ૯૪૨૭૦ ૫૬૮૪૫

સુહાની કરણસિંહ ચૌહાણ
મો. ૮૧૨૮૦ ૭૦૦૪૧

જેનિશ વિજયકુમાર શાહ
મો. ૯૯૦૪૫ ૧૫૬૧૫

ઍમ બી પટેલ કન્યા શાળા ખાતે વાર્ષિક રમતોત્સવ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલ ખાતે સંસ્થાના આદ્યસ્થાપક પૂ. દાસકાકાની સ્મૃતિમાં શિયાળુ રમતોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવના ઉદ્‌ઘાટક તરીકે નેશનલ લેવલ ખેલાડી શિંદીપાર્થ અને ગીતાબેન ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. આ રમતોત્સવમાં શાળાની લગભગ ૧ હજાર જેટલી વિદ્યાર્થીની બહેનોએ ૧૦૦ મીટર દોડ, સંગીત ખુરશી, લાંબીકૂદ, ગોળાફેંક, કોથળાદોડ, સ્લો સાઈકલીંગ, લીંબુચમચી વગેરે સ્પર્ધામાં ભાગ લઈ વિજેતા બનવાનો પ્રયાસ કર્યો હતો. દરેક રમતમાં ૧થી ૩ ક્રમ મેળવનાર વિદ્યાર્થિનીઓને શાળા દ્વારા સર્ટીફિકેટ અને ઇનામ આપી પ્રોત્સાહિત કરવમાં આવી હતી. સમગ્ર રમતોત્સવમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીની બહેનોમાં વીરબાળાનું બિરુદ ધોરણ-૧થી ૫માં ભાભોર સેજલ રાજેશકુમાર (૨ ડ), ધોરણ-૬થી ૮માં ભાવસાર ક્રિષ્ના હિરેનકુમાર (૮ ઈ)ને આપી શાળાના વાર્ષિકોત્સવ પ્રસંગે મહેમાનના વરદ હસ્તે પુરસ્કાર તથા સર્ટીફિકેટ એનાયત કરવામાં આવશે.

સમગ્ર રમતોત્સવનું આયોજન શાળાનાં સુપરવાઈઝર ભગવતીબેન પટેલના માર્ગદર્શન હેઠળ વ્યાયામ શિક્ષક દક્ષાબેન અને હંસાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શાળાના મદદનીશ શિક્ષક ચંદ્રકાન્તભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય નીરૂબેન જે પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું અને ઉપસ્થિત મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે રમતોત્સવમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનિઓને બિરદાવી અભિનંદન પણ પાઠવ્યા હતા.

બીએસએફ દ્વારા સ્થાપના દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૫

ભારતની સરહદી સુરક્ષા માટે સદાય ખડે પગે તૈયનાત રહેતી બોર્ડર સિક્યુરિટી ફોર્સ-બીએસએફની સ્થાપનાને ૫૨ વર્ષ પૂર્ણ થયાં છે. બીએસએફના ગાંધીનગર ખાતેના ગુજરાત ફ્રન્ટીયર હેડક્વાર્ટર ખાતે સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે ૨૦ કિમીની સાઈકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરત સરકારના સનદી અધિકારી સુનયના તોમર, બીએસએફના આઈજી અજયકુમાર તોમર સહિત અધિકારીઓ તથા કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ 'કશિષ ૧૪ : એ ટ્રીબ્યુટ ટુ ધી સોલ્જર્સ'માં ગાયકો કનક ચતુર્વેદી તથા ગૌતમ ચતુર્વેદીના સૂરો સાથે બીએસએફના જવાનોએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. આ કાર્યક્રમને બીએસએફના જવાનોના પરિવારોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને માણ્યો હતો.

એસ.જી. - એસ.વી. અંગ્રેજી શાળામાં મોબાઈલ જાગૃતિ અંગે કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૫

એસ.જી. - એસ.વી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા દ્વારા શુક્રવારે નાથીબા હોલમાં ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે મોબાઈલ જાગૃતિ અંગે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'બાળક કુમળું છોડ છે તેને જેમ વાળો તેમ વળે' નાનપણથી જ તેમનામાં જે બીજ રોપો તે બીજ રોપાય છે. આધુનિક જમાનામાં મોબાઈલનો ઉપયોગ ખૂબ વધી ગયો છે.તેમજ તેનો દૂરપયોગ વધી ગયો છે તેથી વિદ્યાર્થીઓમાં મોબાઈલ અંગેની સમજ વિકસાવવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મોબાઈલ અંગેની સંપૂર્ણ માહિતી પી.પી.ટી. દ્વારા શાળાના શિક્ષક હિંમતભાઈ અને નિખિલભાઈએ આપી હતી. આ કાર્યક્રમમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

હીરામણી સ્કૂલ દ્વારા વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૫

હીરામણિ સ્કૂલ અંગ્રેજી માધ્યમ તથા ગુજરાતી માધ્યમનો વાર્ષિક રમતોત્સવ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. જેમાં ધોરણ-૧થી ૧૨ના વિદ્યાર્થીઓએ વિવિધ રમતો જેવી કે કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, લાંબીકૂદ, ૨૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, ઊંચો કૂદકો, બરછીફેંક, ગોળાફેંક અને નાનાં બાળકો માટે લીંબુચમચી, કોથળા દોડ, વિઘ્નદોડ વગેરે રમતોમાં ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા સંસ્થાના પ્રમુખ નરહરિ અમીન, ઉપપ્રમુખ, પ્રિન્સિપાલ નીતાબેન શર્મા, પ્રિ. હિરલ વર્ધાની, એડમિનીસ્ટ્રેટર આશાબેન નાયક, પ્રિ. આશિષભાઈ મહેતા, સ્કૂલ ડિરેક્ટર ડૉ. અંબુભાઈ પટેલ તથા સીઈઓ ભગવતભાઈ અમીને પૂર્ણ સમય હાજરી આપી હતી. ઉલ્લેખનીય છે કે હીરામી સ્કૂલમાં પ્રતિવર્ષ આવી જ ભવ્ય રીતે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં "સ્વામિનારાયણ" મહામંત્રની ૨૧૬મી જયંતી ઉજવાઈ

ગાંધીનગર, તા. ૧૫

આ ઘોર કળીયુગમાં જીવાત્માએ ડગલે ને પગલે અંતઃશત્રુઓ સાથે યુદ્ધ કરવાનું છે. તે માટે " મોક્ષાભિલાષીઓનું સર્વરીતે રક્ષણ થાય અને મોક્ષમાર્ગમાં બળ મળી રહે તેને માટે કઈક ઉપાય કરો..." આમ વિચાર કરીને શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્થાપિત અલૌકિક- દિવ્ય સંપ્રદાયમાં સત્સંગની વૃદ્ધિ-વિકાસ અને અસંખ્યાતીત હરિભક્તોનું આત્યંતિક કલ્યાણ કરવા સ્વયં સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને આજથી ૨૧૬ વર્ષ પૂર્વે પોતાના દિવ્ય મુખકમળમાંથી "સ્વામિનારાયણ" મહામંત્રની ઉદ્ઘોષણા કરી. તે ધન્યતમ શુભદિન હતો વિક્રમ સંવત ૧૮૫૮ માગશર વદ એકાદશી- સફલા અગિયારસ, તારીખ ૩૧-૧૨-૧૮૦૧ ને ગુરુવાર... શ્રી હરિજીએ ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીના ચૌદમાની વિશાળ સભામાં સ્વમુખે "સ્વામિનારાયણ" મહામંત્રનો ઉદ્ઘોષ કર્યો ત્યારથી અવિરતપણે સંપ્રદાયમાં સર્વ આબાલવૃદ્ધ અનુયાયી નરનારીઓ આ "સ્વામિનારાયણ" મહામંત્રના નામનું ભજન સ્મરણ કરે છે. અનંત બદ્ધ જીવાત્માઓને માયાના પાશથી મૂકાવીને મુક્ત બનાવવા માટે પધારેલા સર્વાવતારી શ્રી ભગવાનની અણમોલ વરદાનરૂપ ભેટ એટલે ૨૧૬ વર્ષ પૂર્વે પોતાના દિવ્ય મુખકમળમાંથી ઉચ્ચારાયેલો ષડક્ષરી "સ્વામીનારાયણ" મહામંત્ર.

સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન "સ્વામિનારાયણ" મહામંત્રનો મહિમા ગાતા શ્રી મુખવાણી વચનામૃતમાં કહે છે: " ...ગમે તેવો પાપી હોય ને અંત સામે જો તેને "સ્વામિનારાયણ" એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે..." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૫૬)

"સ્વા...મિ...ના...૨...ય...ણ..." આ ષડક્ષરી મહામંત્રનો કેવો પ્રૌઢ પ્રતાપ છે તે શ્રી વિહારીલાલજી મહારાજ બતાવે છે : " જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધા પાતક બાળી દેશે; છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક... (શ્રી હરિલીલામૃત : કળશ ૫/વિશ્રામ ૩)

યંત્ર માણસને ઝડપ અને સુવિધા આપે છે, તંત્ર માણસને વ્યવસ્થા અને સરળતા આપે છે, પરંતુ જ્યાં તંત્રથી પર ન પડે, ત્યાં મહામંત્રની પવિત્ર ઊર્જા મનુષ્યને તારે છે. અહીં "સ્વામિનારાયણ" મહામંત્રની એવી ઊર્જાનું સ્મરણ છે. આજથી ૨૧૬ વર્ષ પહેલાં શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વમુખે આ મહામંત્ર આપ્યો છે. જે દિવ્ય અનુભવ પૂર્વે હજજારો સંતો-ભક્તોએ કર્યો છે,વર્તમાનકાળમાં સેંકડો સંતો-ભક્તો કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ લાખો મુમુક્ષુઓ દિવ્ય અનુભવ કરતા રહેશે.

"સ્વામિનારાયણ" મહામંત્ર અનેક કષ્ટોના મહાસાગરમાં નૌકા બની રહે છે.જ્યાં માણસનું બાહુબળ, બુદ્ધિબળ, સંપત્તિબળ કે લોકબળ ખૂટીપડે છે ત્યાં "સ્વામિનારાયણ" મહામંત્રની પવિત્ર ઊર્જા તેને તારે છે.

આવા મહામંગલકારી "સ્વામિનારાયણ" મહામંત્રની ૨૧૬ મી જયંતીની ઉજવણી ભૂમંડળસ્થિત તીર્થોત્તમ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં પૂજનીય સંતો-ભક્તો અને વિદ્યાર્થીઓએ સાથે મળીને પૂજન, અર્ચન, આરતી વગેરે દ્વારા કરી હતી.

અમદાવાદના યુવકોની અનોખી પહેલ
૩ હજાર જેટલા મતદારોને મતદાન માટે સહાય આપી

ગાંધીનગર, તા. ૧૫

વિધાનસભા, લોકસભા અથવા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીયોમાં મતદારોમાં મતદારયાદીને લઈ અનેક સમસ્યા જોવા મળતી હોય છે ત્યારે અમદાવાદ શહેરના ૨૦ યુવાનોના એક ગ્રુપે આવા મતદારોને મદદ કરવા અનોખી પહેલ કરી હતી. 'આર વી ફાઉન્ડેશન' સોશિયન મીડિયાનો ઉપયોગ કરી મતદારોના સંપર્કમાં આવ્યા હતા અને તેમને પડતી મુશ્કેલીનું નિરાકરણ લાવ્યા પ્રયત્ન કર્યો હતો. આ યુવાનોના પ્રયત્નોથી ૧૪મી ડિસેમ્બરના રોજ રાજ્યના ૧૪ જિલ્લામાં યોજાયેલ ૯૩ બેઠકની ચૂંટણીમાં આશરે ૩ હજાર મતદારોને મત આપવા પ્રોત્સાહિત કર્યા હતાં.

ફાઉન્ડેશનના ફાઉન્ડર મેમ્બર વિશ્વાસ શાહ પોતે કંપની સેક્રેટરી છે તેમણે કહ્યુ કે, છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ગુજરાતમાં યોજાયેલ તમામ સ્તરની ચૂંટણીમાં સાથી મિત્રો સાથે મળી મતદારોને પ્રોત્સાહિત કરવા પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા હતાં. સોશિયલ મીડિયાના માધ્યમથી આઠ જેટલા મોબાઈલ નંબર વાયરલ કરવામાં આવ્યા હતાં. મતદારનો બુધ નંબર, મતદાન મથકનું સરનામું, સિરિયલ નંબર વગેરે સહિતની માહિતી મતદારને ફોન ઉપર ઓન ધ સ્પોટ આપવામાં આવી હતી. ઘણી વખત મતદારયાદીમાં પ્રિન્ટ મિસ્ટેક અથવા નામો ગાયબ થઈ જવાને કારણે મતદારો મુશ્કેલીમાં મૂકાતા હોય છે, જેનું નિરાકરણ ગ્રુપ દ્વારા લાવવામાં આવ્યું હતું અને લોકોને મતદાન માટે સહાય પૂરી પાડમાં આવી હતી.

આ ફાઉન્ડેશનનો પ્રારંભ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ મહત્તમ લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે પ્રેરણા આપવાનો છે.

અભિવ્યક્તિની આઝાદી છતાં સર્વત્ર બરબાદી કેમ ?

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

માનવ સંબંધોની મૂડી બધામાં સર્વોત્તમ ગણાય છે. માનવ જ્યારે સંસ્કૃતિની કે સભ્યતાની વાત કરે છે ત્યારે તેનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે આ માનવ ક્યાં હતો અને ક્યાં પહોંચી ગયો છે. વ્યવહારોની પરંપરાને સ્થાન મળે ત્યારે તે એક રિવાજ બને છે. પ્રત્યેક સમાજને પોતિકા રિવાજ યા નીતિ-નિયમો હોય છે જે અંતે તેની ઓળખ બને છે. માણસાઈના દીવા જલતા રહે એ જેટલું ઈચ્છનીય છે એટલું સભ્ય સમાજ પોતાની મૌલિકતા જાળવીને પૂરા રાજ્ય કે રાષ્ટ્રનું નિર્માણ કરે તે જરૂરી હોય છે. જેમ જેમ સમય વિતતો ગયો તેમ તેમ ભારતના બહુધા લોકો આઝાદીનું મૂલ્ય વિસરતા ગયા છે તેવું સ્પષ્ટ દેખાઈ આવે છે. ગુલામ બનીને જીવતા સમાજને આઝાદી જે મળી તેમાં લાખો લોકોએ પોતાના પ્રાણની આહૂતિ આપી, સંઘર્ષ વેઠ્યો અને અંતે આઝાદી મળી અને આ સમયને નજરે જોનારી, હિસ્સેદાર થનારી પેઢી અલવિદા થઈ ગઈ છે ! નવી પેઢીને ખબર નથી કે આઝાદ હવા, આઝાદ ઉજાસનું મૂલ્ય કેટલું અને કેવું હોય છે. સર્વધમ-સંપ્રદાયને સન્માન સાથે હૈયે રૈખીને થતા ઉત્સવો, પ્રસંગોથી ભારતની રોનક એ નવી સદીમાં કંઈક નવા સ્વરૂપમાં ઢોળાઈ રહી છે. ભારતમાં પોતાનું સંવિધાન છે અને બંધારણની રીતે બધા ભારતીયને કેટલાક હક્કો પ્રાપ્ત છે, જેમાં એક મહત્ત્વની બાબત અભિવ્યક્તિની આઝાદી પણ છે. જે દેશોમાં આઝાદી છે છતાં લેખિત સ્વરૂપમાં પોતીકું બંધરણ ના હોય તેવા દેશો પણ છે. આપણે બંધારણને પ્રમુખ ગણ્યું છે એટલે આઝાદીને હરહંમેશ બનાવી રાખવા દરેક લોકો બંધારણની મર્યાદામાં રહીને જીવે અને પ્રવૃત્તિ કરે તો કોઈ પ્રશ્નો નડે નહીં. બંધારણ ઉપરનાં પ્રહાર અંતે વિવિધતાની એકતાને નષ્ટ કરે છે.

બંધારણના પ્રત્યેક શબ્દને સમજવો પડે, ચાવવો પડે તો જ અર્થ સાચા રૂપમાં પ્રાપ્ત થાય. અભિવ્યક્તિનો અર્થ શું ? પોતાની માન્યતા કે મંતવ્યને પ્રજા સમક્ષ રજૂ કરવી એ અભિવ્યક્તિ કહી શકાય છતાં ઘણીવાર અભિવ્યક્તિમાં મૌન હોઈ શકે છે. વ્યક્ત કરવું રજૂઆત છે તેમાં દૃઢતાનો સૂર ઉમેરાય તે અભિવ્યક્તિ બની જાય છે. અભિવ્યક્તિની સ્વતંત્રતાનો હરગીઝ એ અર્થ નથી કે ગમે તેવી વાત મનફાવે તેમ રજૂ કરવી. અભિવ્યક્તિમાં ઉચ્ચારવું, લખવું, ચિત્રણ કરવું, કથાનકને રજૂ કરવી, સંગીત કે પ્રસંગ આધારિત રચના કરીને પ્રદર્શનમાં રાખવું, જાહેરમાં વ્યક્ત કરવું વગેરેનો સમાવેશ થાય છે. ભારતમાં આઝાદી મળ્યા પછી ઘણા બધા ફિલ્મી ગીતોમાં રાષ્ટ્રભાવનાને આવરી લેવામાં આવી તથા દેશભક્તિથી તરબોળ ચલચિત્રો પણ રજૂ થયાં એ પણ અભિવ્યક્તિની આઝાદી જ છે. ઐતિહાસિક સચ્ચાઈના પાયા ઉપરકોઈક કૃતિ બને પછી તે સાહિત્યની હોય કે સિનેસૃષ્ટિની હોય એ રજૂ થઈ શકે છે પરંતુ આવું કરતી વકતે કોઈપણ સમાજ કે વર્ગને દિલ દુભાવે નહીં તેની કાળજી લેવી તદ્દન આવશ્યક છે. કેમ કે અંતે આઝાદી અભિવ્યક્તિની મળી છે, તે માધ્યમથી ઐક્ય સુદૃઢ થવું પ્રાથમિક છે. ઉમદા વાતને રજૂ કરવામાં જો કાળજી ના લેવાય તો અંતે બરબાદી પ્રવેશી જાય છે. શ્રદ્ધાનાં પ્રતીક, ધર્મ, સંપ્રદાય, માન્યતા, પ્રવૃત્તિ વગેરેમાં પ્રત્યેક ભારતીયને સ્વતંત્રતા પ્રાપ્ત છે પરંતુ સહ અસ્તિત્વમાં રૂકાવટ કે વિઘ્ન કરે તે પ્રકારે વર્તવાની છૂટ મળતી નથી. ભારતની એકતા એ આપણી પ્રગતિનો મુખ્ય આધાર સ્તંભ છે. અહીં બધાને માટે માન-સન્માન છે પરંતુ તેમાં કોઈ અન્ય પ્રકારની કુભાવભરી લાગમી ભળે છે ત્યારે ઘર્ષણ, તણાવ અને સામાજિક અજંપાનું સર્જન થાય છે. ઈતિહાસને બદલી શકાતો નથી કે આવતીકાલની નક્કર અનુભૂતિ લાવી શકાતી નથી ત્યારે વર્તમાનને સુંદર, ભવ્ય અને આનંદમય બનાવી રાખવો એ જ સભ્ય સંસ્કૃતિ કહી શકાય. વિચાર, વાણી અને વર્તનને સભાનતાથી સુદૃઢ કરવાં એ આપણી સાચી પ્રગતિ છે. ભાષાથી ભાવના જગાડી શકાય છે, શબ્દ એ બ્રહ્મનું સ્વરૂપ છે. વ્યર્થ કકળાટથી સમાજ ઉકળે છે. શબ્દો વેડફાય ત્યારે મૌન રડી ઊઠે છે.

અભિવ્યક્તિ ખુદ ખુશ્બુ છે. પારિવારિક સંબંધોમાં પણ અભિવ્યક્તિની ખામીના લીધે પ્રશ્નો ઊભા થઈ જાય છે. સમાજના વિવિધ વર્ગો એ ભારતની ખરી તાકાત છે. તેમાં સંકલન-સૌહાર્દ બનાવી રાખવાં પડે. ઝરણાં, હવા, સૂર્યકિરણ અને સમગ્ર પ્રકૃતિનાં તત્ત્વો સ્વયં સદા અભિવ્યક્ત મૂળ સ્વરૂપમાં છે એટલે સ્વીકૃત છે અથવા સમસ્યા થતી નથી. વ્યક્તિની અભિવ્યક્તિ એ તેના વિકાસના સ્તર સાથે સંલગ્ન હોય તેથી દરેકની સર્વાંગી પ્રગતિ એ રાષ્ટ્રનો ખરો વિકાસ બની રહે છે.

શેર આસ્વાદ

હમને રોતી હુઈ આંખો કો
હસાયા હૈ સદા,
ઈસ સે બહેતર ઈબાદત તો
નહીં હોગી હમસે.